**ડાયરેક્ટ ❤ સે**

આ દુનિયામાં ભગવાનને યાદ કરનારાઓ કરતાં સારાં કર્મો કરનારા વધારે સુખી છે

## જન્મદિને વધામણી



**અનવરભાઈ કે દિવાન**
મો. ૯૮૨૫૫ ૯૭૯૩૧



**દક્ષાગૌરી એસ ઠાકર**
મો. ૯૪૨૭૯ ૬૭૭૦૦



**મીના ખંડેલવાલ**
લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર



**મોહંમદઅરમાન જે દિવાન**
મો. ૯૯૭૯૮ ૫૪૮૧૪



**રેહાનએહમદ જે દિવાન**
મો. ૯૯૭૯૮ ૫૪૮૧૩

# ખેલ મહાકુંભની રમતોમાં એસ જી અંગ્રેજી સ્કૂલ ઝળકી




એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૪ એથ્લેટિક સ્પર્ધામાં ચક્રફેંકમાં દ્વિતીય નંબર, ગોળા ફેંકમાં તૃતીય નંબર, લોન્ગ જમ્પમાં દ્વિતીય નંબર, ૬૦૦ મીટર રેસમાં પ્રથમ નંબર, ૪૦૦ મીટર રેસમાં પ્રથમ નંબર, ૨૦૦ મીટર રેસમાં દ્વિતીય નંબર મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. વ્યાયામ શિક્ષક ચંદ્રેશભાઈ પટેલ અને આચાર્ય મિલી સિંઘે વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ખાતે મૅડિકલ ચૅક-અપ કાર્યક્રમ યોજાયો



મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પિપળજ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઉનાવા દ્વારા વિદ્યાર્થીઓ માટે મૅડિકલ ચૅક-અપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા વિદ્યાર્થીઓનાં સ્વાસ્થ્યનું ચૅક-અપ કરી જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

## પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ ખાતે તબીબનું વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૩૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનસીસી એકમના ઉપક્રમે સરકારી આયુર્વેદ કૉલેજ અને હૉસ્પિટલ, કોલવડા, ગાંધીનગરનાં ડૉ. મીરા રાજાણીના એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'યુવાવસ્થામાં બહેનોની સમસ્યાઓ અને તેના ઉપાયો' અંતર્ગત ડૉ. રાજાણીએ વિદ્યાર્થીઓને મુંઝવતી સમસ્યાઓ અંગે અત્યંત ઉપયોગી માહિતી આપીને તેના ઉપાયો પણ જણાવ્યા હતા. કાર્યક્રમનું આયોજન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ રાવે કર્યું હતું અને કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનો શુભેચ્છા પાઠવી હતી.

## ખેલ મહાકુંભમાં જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૩૧

ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી અન્ડર-૧૭ કબડ્ડી, વૉલીબૉલ, ખો-ખો, રસ્સાખેંચ, ઍથ્લેટિક્સમાં દરેક રમતમાં પ્રથમ ક્રમ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

અન્ડર-૧૯ વિભાગમાં કબડ્ડીમાં બીજા ક્રમે, ખો-ખોમાં બીજા ક્રમે, રસ્સાખેંચમાં પ્રથમ ક્રમે, ઍથ્લેટિક્સમાં પ્રથમ તથા દ્વિતિય ક્રમે આવી શાળાનું નામ રોશન કર્યું છે.

આચાર્ય સંતોકબેન ચૌધરી, સુપરવાઈઝર્સ તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષક વિનાક્ષીબેન, હેતલબેન અને લીલાબેનને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

# બીબીએ કોલેજના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની કેડમેક મશીનરીઝની ઈંડસ્ટ્રિયલ વિઝિટ



ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઑફ બિજનેસ ઍડમીનીસ્ટ્રેશન (બી બી.ઍ.) દ્વારા બીબીએ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ભારતની પ્રતિષ્ઠિત "કૅડમૅક મશીનરીઝ પ્રા.લી" કંપનીની વિઝિટ કરવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓમાં ઔધોગીક ઍક્મ સ્થાપવાથી લઈને તેને કેવી રીતે આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પંહોચાડી શકાય તેની સમજ કેળવાય છે. મુલાકાત બાદ વિદ્યાર્થીઓને આ સમગ્ર મુલાકાત અને તેનાથી મેળવેલ જાણકારી બાબતે હસ્તલીખીત પ્રૉજેક્ટ-રિપોર્ટ તૈયાર કરવાનો હોય છે. જેનાથી તેઓ આવી વિઝિટ, વર્કશૉપ, સેમિનાર, ટ્રેનિંગનું મહત્વ સમજી તેને આત્મસાધ કરી શકે.

કૅડમૅક મશીનરીઝ પ્રા.લી.ની વિઝિટ દરમ્યાન વિદ્યાર્થીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. કુલ ૬૩ વિદ્યાર્થીઓને ૩૦-૨૦-૨૩ વિદ્યાર્થીઓની ૩ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કંપની સમગ્ર ભારતમાં ૮૦% માર્કેટ શેર ધરાવે છે તેમજ વિદેશમાં પણ કંપનીનું મોટા પ્રમાણમાં વ્યાવસાયિક કાર્ય ચાલે છે. તેમજ મશીનરીસનું ઉત્પાદન અસેંબ્લી લાઈનમાં થઈ કેવી રીતે વેચાણ હેતુ નાના તેમજ મોટા બૉક્સ માં ઑટોમેટીક પેકિંગ થઈ સ્ટોરરૂમમાં પહોંચે તેની ઉંડાણ પૂર્વકની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને "પ્લાન્ટ લે આઉટ" તેમજ ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓમાં સંચાલન કેવી રીતે કરવું તેમજ "પ્લાન્ટ લે આઉટ"ની ગોઠવણી કેવી રિતે કરવી જેથી કરીને "**Optimum production with minimum cost** " નો અભિગમ કેળવી શકાય તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી.

આ વિઝિટને સફળ બનાવવા "કૅડમૅક મશીનરીઝ પ્રા.લી" કંપનીનો ખુબજ સહકાર મળ્યો હતો. જેમાં કંપનીનાં ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઓથી વાકેફ કર્યા તેમજ કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટી પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડૉ. જયેશ જે. તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા, પ્રો.આશિષ ભુવાએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

# આર જી - ઍસ બી પટેલ શાળા ખાતે સ્ટ્રેસ ફ્રી ઍજ્યુકેશન અંગે સૅમિનાર

ગાંધીનગર, તા. ૩૧

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે સ્ટ્રેસ ફ્રી ઍજ્યુકેશન અને રિડ્યુસ ધ ઍક્ઝામ ફોબિયા અંગે સૅમિનાર યોજાયો હતો.

કનોરિયા હૉસ્પિટલના સીઈઓ ડૉ. રાજેન્દ્ર આનંદ અને ક્લિનીકલ સાયકોલૉજીસ્ટ અભિષેક ત્રિપાઠીએ વક્તા તરીકે પોતાની સેવાઓ આપી હતી. ડૉ. રાજેન્દ્ર આનંદે વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી અને વિદ્યાર્થી જીવનનો રોલ કેવી રીતે ભજવવો તેની ટીપ્સ આપી હતી અને સોશિયલ મીડિયાથી દૂર રહેવા સૂચવ્યું હતું. નકારાત્મક પરીબળો આપણા પર કેવી માઠી અસર ઉપજાવે છે તેની ખૂબ જ હૃદયસ્પર્શી બાબતો જણાવી હતી.

અભિષેક ત્રિપાઠીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા પરીક્ષાનો ડર અને તેનાં લક્ષણોની ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરી ડિપ્રેશન દરમિયાન કયાં લક્ષણો પ્રદર્શિત થાય છે તેની વિગતવાર ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને સ્વસ્થ તથા પ્રસન્ન ચિત્તે પરીક્ષા આપવાની ચાવીએ પણ તેમણે સરસ રીતે સમજાવી હતી.

સંસ્થાની પૂર્વ વિદ્યાર્થીની ધારા પુરોહિત અને અર્ચના ભાટીયાએ કનોરિયા હૉસ્પિટલમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમ તથા હૉસ્પિટલની સેવાઓ અંગે માહિતી પૂરી પાડી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિક વિભાગના શિક્ષક રમણભાઈએ તથા આભારવિધિ આચાર્ય સુધાબેન પટેલે કરી હતી.

# શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચે બાબાઓનાં અનૈતિક કામ




હિન્દુસ્તાનના ઈતિહાસમાં નજર કરીએ તો પણ ખ્યાલ આવે છે કે અહીં પણ ધર્મના નામે ઘણું બધું અનિચ્છનીય બનેલું છે. કોણ જાણે કેમ ધર્મની બાબતમાં એવું તે શું જોડાઈ જાય છે કે સમગ્ર સમાજ, સરકાર કે બીજા લોકો કશું જ કરવા કે ઉચ્ચારવા અસમર્થ થઈ જાય છે. જ્યાં ધર્મની સંપ્રદાયની કે માન્યતાની વાત આવે છે ત્યાં ગંભીરતા ઊભી થઈ જાય છે તેનું એક કારણ એ પણ છે કે આ શ્રદ્ધાનો કે આસ્થાનો વિષય હોય છે અને લોકશાહીમાં બંધારણ મુજબ બધાંને તેની માન્યતા મુજબ માનવાનો નૈતિક હક્ક ઉપલબ્ધ હોય છે. બીજું, ધર્મ એ વિસ્તૃત ખ્યાલ છે અને એક જ ધર્મમાંય વિવિધ સંપ્રદાયો કે પેટા સંપ્રદાયોનાં અસ્તિત્વ જોવા મળે છે. જે ધારણ કરવામાં આવે તે ધર્મ.

સમાજના જે વિવિધ વર્ગો દ્વારા ધર્મો અપનાવાય છે તે બહુધા વારસાગત અથવા પરંપરાગત ચાલતી પ્રક્રિયા છે. ધર્મને અનુસરવો કે પાલન કરવું એ કંઈ જ ખોટું કૃત્ય હરગીઝ નથી. સંપ્રદાયની મર્યાદામાં રહી ઈશ્વર અનુરૂપ ભક્તિ-જપ-તપ-સાધના કરવી તેમાં પણ કોઈ ચિંતાકારક બાબત નથી. આમ છતાં આ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા કે શ્રદ્ધા અને અંધશ્રદ્ધાના સંયુક્ત માહોલમાં બધા પ્રવૃત્ત લોકો અતિ પવિત્ર અને ઈમાનદાર જ હોય તેમ માનીને સમાજ તેમાં અતિ ભાવુકતાથી ભળવા, મળવા, હળવા જાય ત્યારે ગુંચવાડો ઊભો થાય અને સાચી મનોવૃત્તિઓની ઝલક બહાર આવે છે. સાધુતા ભગવા રંગના કપડાંથી કે સફેદ વસ્ત્રો ઓઢી લેવા માત્રથી આવી જતી નથી, આટલી વાત પણ સમાજ જાણી લે તો ઘણી સમસ્યા ઉકલી શકે તેમ છે. ત્યાગ વિના વૈરાગ્યની વૃત્તિ ટકતી નથી. સંસારનો ત્યાગ થાય પછી સાધુતાના ગુણો પુષ્પની માફક ખીલતા હોય છે અને તેમાં પણ મન-ચિત્તની શુદ્ધિ એ પાયાની શરત હોય છે. સંસારની મોહ-માયા છોડવાની વૃત્તિ ઊભી થઈ પછી મન સદા પવિત્ર રહે અને તન ઈશ્વરને અર્પિત રહે એ પ્રક્રિયા ચાલવી બહુ જ કઠિન હોય છે. ગૃહત્યાગ કરવો અતિ સરળ છે પણ પંચવિષયની આરઝુઓ હૈયાથી ઉખાડી ફેંકવી એ અગ્નિપરીક્ષા હોય છે. ભગવા રંગ ધારણ કર્યા બાદ મન પણ ભગવું થાય એ આવશ્યક છે. ભગવા રંગ બાદ સંસાર કે સત્તા કે શાસન કે વ્યવહાર એ મૂળભૂત દષ્ટિએ યોગ્ય જ નથી, કારણ કે આ બધું ત્યજી દીધા બાદ ઈશ્વરપરાયણ થવા માટે જ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હતો. મનમાં સંસાર જો ચાલતો રહે તો પછી ધીમા પગલે અરમાનો માણસને પતનની ખાઈમાં લઈ જાય છે એ જ આ બાબતની અંતિમ કરૂણતા બને છે.



હવે હાલના વિશ્વની વાસ્તવિક સ્થિતિનું અવલોકન અને વિશ્લેષણ કરીએ તો ખબર પડે કે માનવી અતિ તણાવમાં જીવતો થયો છે. એટલે તે સહાય, સહાનુભૂતિ અને મદદ માટે અંતે પોતાની શ્રદ્ધા જેનામાં હોય તેવાં સ્થાનકોમાં જાય છે.

યોગ્ય ગુરુ કે સ્થાનકોમાં બધું ધર્મની વ્યાખ્યા કે મર્યાદામાં ચાલતું હોય ત્યાં કશું જ અઘટિત થતું નથી. પરંતુ આ વિષય ફરીથી શ્રદ્ધાનો હોવાથી કોઈ ટીકા-ટીપ્પણી કરવા માટે રાજી પણ હોતું નથી. મંદિર કે ધર્મસ્થાનોમાં ભક્તોની માગણીઓની ગુણવત્તા ભૌતિક સુખો કે દુન્યવી ચીજોની ઉપલબ્ધિ સાથે જ પ્રયુક્ત હોવાની અને તેમાં ઘણીવાર ભક્તોની પણ જુદી-જુદી શ્રેણી હોય છે. એટલે આર્થિક વિકૃત સ્થિતિ કે પારિવારિક કંકાસોના કારણે મહિલાઓ આ પ્રકારના શિકાર હોય તે ગમે તે ધર્મના નામે કામ કરવા કે ગુરુબાબા કે સંદોને નમવા, ભજવા ઈત્યાદિ કાર્યો માટે તૈયાર થઈ જાય છે અને આ પ્રક્રિયામાં જ્યારે કોઈ ખરેખર સંસ્કારી ઉચ્ચ વિચારધારક ભક્ત શિકાર થાય પછી પાપના ઘડા જરૂર ફૂટી જાય છે. જે વ્યક્તિ સ્વયંને ભગવાન ગણે, પૂજનીય કહે તેનાથી ચેતવામાં નહીં આવે તો બધું જ શક્ય બની શકે છે. જે માનવી ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ વિશે અતિશય લોલુપ થાય તેનો સમાગમ કરવો હિતાવહ નથી જ નથી.

ચોર, પાપી, પાખંડી, કામી, વ્યસની તથા કીમિયા જેવી ક્રિયાઓ કરીને જનતાને ઠગનારા મનુષ્યથી દૂર રહેવું જોઈએ. ધર્મ જાણવા છતાં અપનાવી ના શકે અને અધર્મ શું છે તે જાણ્યા બાદ ત્યજી ના શકે તેવી હાલતમાં માત્ર પૈસા, જનતા, સવલતોના દમ ઉપર રોફ મારતા કહેવાતા બાબાઓ કે ગુરુઓ અંતે વાસનાઓમાં ખદબદતા કીડાઓ જેવા સાબિત થાય છે. કારણ કે બધું જ ત્યાગી શકાય છે પરંતુ દિલોદિમાગમાંથી સ્ત્રી કે વિષય સંબંધી સુખને ત્યજી શકાતું નથી. એટલે જ શોષણનો છૂપો સિલસિલો શરૂ થાય છે જે અંતે કર્મના સિદ્ધાંત પ્રમાણે તેને પાપી જ સાબિત કરે છે.

શ્રદ્ધા હોવી ખૂબ જરૂરી છે. ભગવાન કે સંત પ્રત્યે સ્નેહ હોવો એ જીવનની સાચી મૂડી છે પરંતુ સ્થિતિનો ક્યાસ કાઢવાની જો ક્ષમતા કે આવડત હોય નહીં તો આ વિશ્વ છળકપટથી જ ભરેલું છે એ નક્કી છે. સતર્કતા ગુમાવી કે પતનમાં ખુવાર થવાનું આવી શકે છે. બાળકોને સારા સંસ્કાર અને દિશાસૂઝ આપવી જરૂરી છે.

**શેર આસ્વાદ**

સરસ્વતી લુપ્ત થઈ ન જાય તો કરે પણ શું ?

જ્યાં બધા લક્ષ્મીના જ ભક્ત થઈ ગયા હોય !

## ખેલ મહાકુંભની કબડ્ડી સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડીની સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિજેતા વિદ્યાર્થીઓને આચાર્ય નીવાબેન પટેલ અને માર્ગદર્શક શિક્ષકોએ સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**




(૧) ૨૦૧૭માં રાષ્ટ્રીય ખેલ અને સાહસિક પુરસ્કાર કોના દ્વારા આપવામાં આવ્યા છે ?
**(એ) રાષ્ટ્રપતિ**
(બી) વડાપ્રધાન
(સી) રક્ષામંત્રી
(ડી) ખેલ મંત્રી

(૨) પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં ૧૫ હજાર કરોડના વિવિધ રાજમાર્ગ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું છે ?
(એ) કેરલ (બી) તામિલનાડુ
(સી) ઉત્તર પ્રદેશ **(ડી) રાજસ્થાન**

(૩) ૨૦૧૭માં ભારત તાન્ઝાનિયા સંયુક્ત વ્યાપાર સમિતિની ચોથી બેઠક કયા શહેરમાં મળી હતી ?
(એ) મુંબઈ (બી) પૂણે
**(સી) નવી દિલ્હી** (ડી) પટના

(૪) ૨૦૧૭માં કેન્દ્ર સરકારે કયા ઉત્પાદનો પર સ્ટોક હોલ્ડિંગ સીમા લાગુ કરી દીધી છે ?
(એ) રેશમ **(બી) ખાંડ**
(સી) તમાકુ (ડી) કૉફી

(૫) ૨૦૧૭માં કયા રાજ્યની પોલીસ દ્વારા રાજ્યના યુવાનોને રોજગાર અને પ્રશિક્ષણ માટે યુવા કાર્યક્રમની શરૂઆત કરી છે ?
(એ) બિહાર (બી) કેરલ
(સી) ગોવા **(ડી) દિલ્હી**

(૬) ૨૦૧૭માં વિશ્વના કયા દેશમાં વર્લ્ડ પોલીસ ગેમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું ?
(એ) જર્મની **(બી) અમેરિકા**
(સી) ઈટલી (ડી) ઈંગ્લેન્ડ

(૭) રાજધાની દિલ્હીમાં કઈ સંસ્થા દ્વારા વિમેન ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા પુરસ્કાર આપવામાં આવ્યો હતો ?
(એ) બિરલા ફાઉન્ડેશન (બી) મહિલા આયોગ
(સી) યોજના આયોગ **(ડી) નીતિ આયોજન**

(૮) ૨૦૧૭માં કયા દેશમાં જેલિયો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો ?
**(એ) સ્પેન** (બી) સ્વિડન
(સી) ઓસ્ટ્રેલિયા (ડી) શ્રીલંકા

(૯) ૨૦૧૭માં લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પ્રશાસન અકાદમીના ૯૨મા ફાઉન્ડેશન કોર્સનું ઉદ્ઘાટન કયા કેન્દ્રીય મંત્રીએ કર્યું હતું ?
(એ) રાજનાથસિંહ (બી) રાધામોહનસિંહ
(સી) અરૂણ જેટલી **(ડી) સ્મૃતિ ઈરાની**

(૧૦) તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીના પ્રિન્સિપાલ સૅક્રેટરી પદે કોની વરણી કરવામાં આવી છે ?
(એ) મનોજ શુક્લા **(બી) મનોજ દાસ**
(સી) મનોજ અગ્રવાલ (ડી) મનોજ કપૂર